Saturday
16.12.2023
*Volume :8 * Issue No.143
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor:Arjun Sondarva *Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs.90/-

કેન્દ્રીય ગૃહમંત્રી અમદાવાદના ચાંગોદર ખાતેથી વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથને પ્રસ્થાન કરાવશે

કમલમ્ ન્યુઝ, અમદાવાદ,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં૧૬ ડિસેમ્બરનારોજ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગતઅમદાવાદના ચાંગોદર ખાતેથીવિકસિત ભારતસંકલ્પ યાત્રાનારથને પ્રસ્થાન કરાવશે. આ સમગ્ર કાર્યક્રમ અંગે ચાંગોદર ખાતે જિલ્લાકલેકટર પ્રવિણાડી.કે.એ સમીક્ષાબેઠક યોજીને કામગીરીની સમીક્ષા કરી હતી. 'સર્વજન હિતાય, સર્વજન સુખાય'ના ધ્યેયને સાકાર કરવાનાલક્ષ્ય સાથે અમદાવાદ જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા સતત આગળ વધી રહી છે. સરકારી યોજનાઓનો લાભ તમામ લક્ષિત લાભાર્થીઓ સુધી સમય મર્યાદામાં પહોંચે તે હેતુથી સરકારની મુખ્ય યોજનાઓની સંતૃપ્તિ પ્રાપ્ત કરવાના હેતુથી સમગ્ર દેશમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત રથો પરિભ્રમણ કરીરહ્યા છે. આ યાત્રાઅંતર્ગત આધુનિક રથના માધ્યમથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો સંદેશો ગામેગામ પહોંચી રહ્યો છે. વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાતા કાર્યક્રમોમાં લાભાર્થીઓ દ્વારા તેમના સ્વમુખે યોજનાકીય લાભો

થકી તેમના જીવનમાં આવેલા ગુણાત્મક પરિવર્તનની વાત કરવામાંઆવે છેતથા વિવિધયોજનાઓના લાભો અને તેની માહિતી પાત્રતા ધરાવતા લાભાર્થીઓ સુધી પહોચાડવામાં આવે છે.

પ્રગતિ અને પર્યાવરણ બેયને સાથે રાખીને સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ દ્વારા લિવેબલ સિટીઝ ઓફ ટુમોરો આજના સમયની માંગ છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે વાઇબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૪ની પ્રિ-ઇવેન્ટ 'લિવેબલ સિટીઝ ઓફ ટુમોરો' કોન્ફરન્સમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિ

- **રાજ્યમાં ઊંચા બિલ્ડીંગ નિર્માણ માટે રૂ. ૪૦૩૮ કરોડના 7Mou થયા**
- **શહેરી વિકાસ ક્ષેત્રે ઈ-ગવર્નન્સની આગવી પહેલ 'ઈ-પોર્ટલ ફાયર કોપ'નું લોન્ચિંગ**
- **ગિફ્ટસિટી એક્સટેન્ડેડ એરીયા ડેવલપમેન્ટ પ્લાન્ટનું અનાવરણ**

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યુંછે કે, પ્રગતિઅને પર્યાવરણ બેયને સાથે રાખીને સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ દ્વારા સિટીઝ ઓફ ટુમોરો આજના સમયની માંગ છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૪ના પૂર્વાર્ધ રૂપે પ્રિ-વાઈબ્રન્ટસેમીનાર અન્વયે શહેરી વિકાસ વિભાગ આયોજિત 'લિવેબલ સિટીઝ ઓફ ટુમોરો' કોન્ફરન્સમાં મુખ્યમંત્રી શ્રી સંબોધન કરી રહ્યા હતા. શહેરી બાબતો અને આવાસ નિર્માણના કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી કૌશલ કિશોર, અર્બન ડેવલપમેન્ટ ક્ષેત્રોના તજજ્ઞો, મહાનગરોના મેયર્સ, કમિશનર અને પદાધિકારીઓ આ સેમિનારમાં સહભાગી થયા હતા. રાષ્ટ્ર અને રાજ્યના વધતા વિકાસ સાથે અર્બનાઈઝેશન પણ સતત વધતું રહ્યું છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ હતું. આ સંદર્ભમાં શ્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અર્બનાઈઝેશન ને ચેલેન્જ નહીં ઓપોર્ચ્યુનિટી તરીકે અપનાવવાનું વિઝન આપ્યું છે. તેમણે ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી કાર્યકાળ દરમિયાન રાજયના સ્વર્ણિમ જયંતી વર્ષ ૨૦૧૦માં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરાવીને આ ઓપોર્ચ્યુનિટી આપી હતી. તેના પરિણામે આજે ગુજરાતના શહેરો વિશ્વકક્ષાના બન્યા છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રપટેલે જણાવ્યું કે, શહેરોમાં વધતી વસ્તી સાથે ક્લાયમેટ ચેન્જ અને સંસાધનોની અછત જેવી પ્રાકૃતિકબાબતો, વૈશ્વિક ઘટનાઓની અસર, સામાજિક-આર્થિક સ્થિતિ જેવા પડકારો સામે સસ્ટેઈનેબલ એન્ડ લિવેબલ સિટીઝના ફ્યુચરિસ્ટિક વિઝનથી વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં શહેરોમાંઈઝ ઓફ લિવિંગમાં વૃદ્ધિ થઈ છે. સિટિઝન સેન્ટ્રીક ઓનલાઈન સેવાઓ, સ્માર્ટ પાર્કિંગ થીસ્માર્ટ ટ્રાફિકમેનેજમેન્ટ, સ્માર્ટ ડ્રેનેજ થીસ્માર્ટ વોટર મેનેજમેન્ટ, સ્માર્ટ ચાર્જિંગ થી સ્માર્ટ ઈ-મોબિલિટી જેવા આયામો શહેરી જનજીવનમાંસકારાત્મક બદલાવ લાવનારા બન્યા છે એમ તેમણે ઉમેર્યુ હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શહેરોને ગ્રીન-ક્લીનસિટી બનાવવા અર્બન ફોરેસ્ટ કોન્સેપ્ટ, -૨૦ નું સફળ આયોજન, સ્વચ્છ શહેરોના નિર્માણ સાથે વધુ આધુનિકતા જોડીને ભવિષ્ય માટે જરૂરી સસ્ટેઈનેબલ અર્બન ડેવલપમેન્ટ માટે ગુજરાતફ્યુચર રેડીથઈ રહ્યું છે તેની છણાવટ મુખ્યમંત્રીશ્રીએ કરી હતી. તેમણે ૨૦૪૭ સુધીમાં વિકસિતભારતની વડાપ્રધાનશ્રીની નેમ પાર પાડવામાં સસ્ટેઈનેબલ અને લિવેબલ સિટીઝની ભૂમિકા મહત્વની બનશે તેમ જણાવતાં આ પ્રિ-વાઈબ્રન્ટ કોન્ફરન્સનો નિષ્કર્ષ શહેરોને લિવેબલ અને લવેબલ બનાવવામાં ઉપયુક્ત નીવડશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. ગાંધીનગર-મહાત્મા મંદિર ખાતે આપ્રિ-વાઈબ્રન્ટસેમીનારનો કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના રાજ્ય મંત્રી શ્રી કૌશલ કિશોરે શુભારંભ કરાવ્યો હતો. કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી કૌશલ કિશોરે ગુજરાતને વિકાસનું આદર્શ મોડલ ગણાવતાજણાવ્યું હતુંકે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે ગુજરાતના વિકાસ મોડલ થકી દેશના અન્ય રાજ્યોને દિશા આપી હતી. ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર અને સુરત જેવા શહેરો આદર્શ શહેરની પરિભાષાને સાચાઅર્થમાં ચરિતાર્થ કરે છે. કેન્દ્રીય રાજ્ય મંત્રીશ્રીએ વધુમાં કહ્યુંહતું કે, શહેરોને આદર્શ અનેલીવેબલ બનાવવામાટે પાણી, આરોગ્ય, શિક્ષણ, સ્વચ્છતા અને કચરાના યોગ્ય નિકાલની સુવિધા સહિતપ્રદુષણને ઘટાડવાવધુમાં વધુ વૃક્ષો હોવા ખુબ જ આવશ્યક છે. માત્ર શહેર જ નહિ, સમગ્ર દેશને સ્વચ્છ બનાવવા વડાપ્રધાનશ્રીએ પદભાર સંભાળતાની સાથે જ સ્વચ્છ ભારત મીશનની શરૂઆત કરાવી હતી, અને પોતે પણ આ અભિયાનમાં જોડાઈને સૌને પ્રેરિત કર્યા હતા. સાથે જ પ્રદુષણને ઘટાડવા માટે પણ તેમણે રીન્યુએબલ એનર્જીના સ્ત્રોત અને ઈલેક્ટ્રિક વાહનોનેવધારે પ્રોત્સાહન આપ્યું છે. મંત્રીશ્રીએ કહ્યુંકે, ભારત સહિત સમગ્ર વિશ્વમાં શહેરીકરણ તેજ ગતિથી વધી રહ્યું છે, ત્યારે શહેરોને પણ તે જ રીતે વિકસાવવા એટલા જ જરૂરી છે. વર્ષ ૨૦૪૭માં વિકસિત ભારતની પરિકલ્પના સાકાર થશે, તે સમયના અનુરૂપ ફ્યુચરીસ્ટીક શહેરોનો વિકાસ કરવા માટે વડાપ્રધાનશ્રી અત્યારથી જ કામ કરી રહ્યા છે. આજે ભારત વિષની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. આગામી સમયમાંભારતની અર્થવ્યવસ્થાને ત્રીજા સ્થાને લાવવા દરેક ક્ષેત્રનો વિકાસ થવો એટલો જ જરૂરી છે, જેના માટે ભારત સરકાર કૌશલ્ય વિકાસ, વિકસિત ભારત સંકલ્પ યાત્રા, પ્રધાનમંત્રીસ્વનીધિ યોજના સહિતના પ્રયાસો થઈ રહ્યા છે. મુખ્ય સચિવ શ્રી રાજકુમારે જણાવ્યું હતું કે, ગુજરાતમાં શહેરોના આયોજનબદ્ધ વિકાસ માટે મ્યુનિસિપલ બોન્ડ, ટેક્સનું યોગ્ય માળખું તેમજ PPP આધારે માળખાકીય સુવિધાઓ વિકસાવવા માં આવી રહી છે. ગુજરાતની પ્રથમ હેરિટેજ સિટી અમદાવાદ, ફાઈનાન્સ ટેક સિટી-GIFT તેમજ રાજધાની ગાંધીનગર એ આયોજન પૂર્વકના શહેરીકરણનો ઉત્તમ સમન્વય છે. આ સિવાય ગુજરાતમાં ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી સુરત, SIR-ધોલેરા જેવા આધુનિક શહેરો આગવી ઓળખ ધરાવે છે. આગામી સમયમાં અમદાવાદ સહિત ગુજરાતના મોટાશહેરો નેટ ઝીરોનું લક્ષ્યાંક સિદ્ધ કરે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મુખ્ય સચિવશ્રીએ આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત -૨૦૪૭' ના સંકલ્પને સાકાર કરવાના ધ્યેય સાથે આગામી સમયમાં યોજાનાર ૧૦મી 'વાઈબ્રન્ટગુજરાત ગ્લોબલ

સમિટ -૨૦૨૪'માં જોડાવા સૌ ડેલિગેટસને રાજ્ય સરકાર વતી આમંત્રણ આપ્યું હતું. સૌને આ કાર્યક્રમમાં આવકારતા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમારે જણાવ્યું હતું કે, ગુજરાત સહિત દેશભરમાં શહેરીકરણ ખૂબતેજ ગતિથી વધી રહ્યું છે. દર વર્ષે અનેક લોકો રોજગારી સહિતના કારણોસર શહેરોમાં વસવાટ કરતા થયા છે. શહેરોમાં વસ્તી વધારો થતાં ત્યાં તેમની જરૂરિયાત મુજબનું ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવી શહેરોને 'લિવેબલ' બનાવવાખૂબ જ જરૂરી છે. વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનથી ગુજરાતના શહેરોને ફ્યુચરીસ્ટિક બનાવવામાં આવીરહ્યા છે. આપ્રસંગેજર્મનીની ગ્લોબલસોલ્યુશન ઈન્સટિટ્યૂટના ફેલોશ્રી નિકોલસબૌચડે ભારતની અધ્યક્ષતામાં યોજાયેલ જી-૨૦ દરમિયાન શહેરી વિકાસ સંદર્ભે થયેલી વિવિધ ચર્ચાઓ અંગે વાત કરી હતી. સાથે જ તેમણે શહેરી વિકાસના વિવિધ પ્રશ્નો અને પાસાઓપર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. એકદિવસીય સમિટમાં તજજ્ઞોની ઉપસ્થિતિમાં ડિઝાઈનિંગ લિવેબલ સિટિઝ, ઈમ્પ્લીમેન્ટિંગ લિવેબલ સિટિઝ તેમજ લિવેબિલિટી ઈનિશેટિવ્સ ઈન ગુજરાત વિષયક વિવિધ ટેકનિકલ સત્રો યોજાયા હતા. અમદાવાદ મહાનરપાલિકાના કમિશનર શ્રી એમ. થેન્નારસને આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન શહેરી વિસ્તારના ધારાસભ્યશ્રીઓ, મહાનગપાલિકાઓના મેયરશ્રીઓ, ડેપ્યુટીમેયર શ્રીઓ, કમિશનર શ્રીઓ, નગરપાલિકાઓના પ્રમુખશ્રીઓ, ગિફ્ટસિટીના સી.ઈ.ઓ. શ્રી તપન રે, યુનિસેફ સોશિયલ પોલિસીના ચીફ શ્રીયુત હ્યુ હી બાન, ચીફ ઓફિસર, કેડાઈના પ્રેસિડેન્ટ શ્રી શેખર પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

સુરતના ૭ નર્સિંગના વિદ્યાર્થીઓની એઈમ્સમાં પસંદગી

રાષ્ટ્રીય કક્ષાની એઈમ્સની NORCET પરીક્ષામાં સુરત સિવિલના સરકારી નર્સિંગ કોલેજના સાત વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ

સરકારી નર્સિંગ કોલેજ-સુરતમાંથી ૩૦થી વધુ વિદ્યાર્થીઓ દેશભરની વિવિધ એઈમ્સમાં નર્સિંગ ઓફિસર તરીકે ફરજ બજાવી રહ્યા છે

નવસારી સાંસદ સી.આર.પાટીલે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી સમાજ સેવા-દેશ સેવામાં સમર્પિત થવા આહ્વાન કર્યું હતું

કમલમ્ ન્યુઝ,

તા.૦૭ ઓક્ટોબર, ૨૦૨૩નારોજ યોજાયેલીરાષ્ટ્રીય કક્ષાનીએઈમ્સની NORCET (નર્સિંગ ઓફિસર્સ રિક્રુટમેન્ટ કોમન એલિજીબિલીટી ટેસ્ટ)માં સુરતની નવીસિવિલ હોસ્પિટલની સરકારી નર્સિંગ કોલેજના સાત વિદ્યાર્થીઓએ ઉત્તીર્ણ થયા છે. AIIMS-(All India Institute of Medical Sciences)માંસિલેક્ટ થયેલા વિદ્યાર્થીઓએ પોતાની સફળતા અંગે ખુશીવ્યક્ત કરતાએકસૂરે કહ્યું કે "કોવિડના કપરા કાળમાંજે રીતે નવી સિવિલમાં સેવા આપી હતી, એ જ રીતે એઈમ્સમાં પણ નિષ્ઠાપૂર્વક ફરજ નિભાવીશું. લોકોનીસેવા માટેહરહંમેશ તત્પર રહીશું" ફરજ પર હાજર રહી પ્રેક્ટિકલ જ્ઞાન મેળવી સતત અભ્યાસથી એઈમ્સની રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષા પાસ કરવામાં સફળતા મેળવનાર આ વિદ્યાર્થીઓને નોકરીસાથે પરીક્ષાની તૈયારી શરૂ રાખવામાં નર્સિંગ કોલેજનોઉમદાસાથસહકાર મળ્યો હતો. આ સાત વિદ્યાર્થીઓ હવે દેશના અલગ અલગ રાજ્યોમાં આવેલી ૧૮ એઈમ્સ ઈન્સ્ટીટ્યુટનીહોસ્પિટલોમાંફરજ બજાવશે. નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલાએ જણાવ્યું હતુંકે, રાજ્યમાં તબીબી ક્ષેત્રે નર્સિંગમાંકેરિયર બનાવવામાં સુરત શહેર હવેઅગ્રેસર થઈ રહ્યું છે. અત્યાર સુધીમાં સમગ્ર દેશભરનીએઈમ્સમાં ગુજરાતમાંથી ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ નર્સિંગ ઓફિસર તરીકે સિલેક્ટ થયા છે. દેશમાં વર્ષ ૨૦૧૪ પછી એઈમ્સની સંખ્યા વધવાની સાથે નર્સિંગ ઓફિસર તરીકે સીધી ભરતી કરવામાં આવી રહી છે. ર્દઈઝઈ પરીક્ષામાંપસંદગી પામેલા સુરતના વિદ્યાર્થીઓમાંથી સાત વિદ્યાર્થીઓએ કોઈપણ પ્રકારનું કોચિંગ લીધા વિના પરીક્ષામાં સફળતા હાંસલકરી છે. જે આપણા માટે ગૌરવની વાત છે કે, સુરતની સરકારી નર્સિંગ કોલેજના ૭ વિદ્યાર્થીઓ પૈકી ૬ દિકરીઓનું એઈમ્સમાં નર્સિંગઓફિસર તરીકે સિલેક્શન થવાથી મહિલા સશક્તિકરણ વેગ મળ્યું હોવાનો અહેસાસ થઈ રહ્યોછે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. સરકારી નર્સિંગ કોલેજના પ્રિન્સીપાલ ડો.ઈન્દ્રાવતી રાવે આઅંગે માહિતીઆપતા કહ્યું કે, સરકારી નર્સિંગકોલેજનું શિક્ષણ અન્ય કોલેજ કરતા ઉત્કૃષ્ટ છે એ વાતને આ વિદ્યાર્થીઓએ સાબિત કરી છે. પરીક્ષાર્થીઓને કોલેજ તરફથી શક્ય એટલી મદદ અને સહકાર આપ્યો છે. આ નર્સિંગ કોલેજના મહત્તમ વિદ્યાર્થીઓ સફળતા મેળવેછે અને કોલેજ તથા પરિવારનું નામ રોશન કરે એવા કોલેજ સ્ટાફના પ્રયત્નો હરહંમેશ રહેશેએમ તેમણે ઉમેર્યું હતું. સુરત સરકારી નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓનું AIIMS-(All India Institute of Medical Sciences)માંસિલેક્ટથવા બદલનવસારીસાંસદસી.આર.પાટીલે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી સમાજ સેવા-દેશ સેવામાં સમર્પિત થવા આહ્વાન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશભરમાંથી કુલ એક લાખ ૨૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ NORCEની પરીક્ષાઆપી હતી. જેમાંથી ૩૫૦૦ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. ગુજરાતના રાજકોટ, અમદાવાદ, જામનગર, મોરબી અને ભાવનગરના મળી કુલ ૭૮ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણથયા છે. જે પૈકી સુરતના ૭ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા છે. તેઓ ભોપાલ, પટના, જોધપુર અનેહૈદરાબાદ એઈમ્સમાં નર્સિંગ ઓફિસર તરીકે ફરજ બજાવશે. સુરતના ૭ વિદ્યાર્થીઓ પૈકી ૬ વિદ્યાર્થીનીઓની પસંદગી થઈ છે. આ અવસરે શિક્ષણ રાજ્યમંત્રીપ્રફુલભાઈ પાનશેરિયા, પૂર્વ સ્થાયી સમિતિ અધ્યક્ષ પરેશભાઈ પટેલ, તબીબી અધિક્ષક ડો.ગણેશ ગોવેકર, ડો.કેતન નાયક, નર્સિંગ એસોસિએશનના નિલેશ લાઠીયા, જગદિશ બુહા, પ્રો સ્મિતલ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

માણસા તાલુકાના ઈન્દ્રપુરા અને રામપુરા ગામમાં માણસા વિધાનસભા ધારાસભ્યશ્રી જે. એસ. પટેલ ની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

જે લોકો પણ સરકારની યોજનાના લાભથી વંચિત હોય તે લોકોને યોજનાનો લાભ લેવા ધારાસભ્યશ્રી જે. એસ. પટેલ દ્વારા આહવાન કરાયું

કમલમ્ ન્યુઝ,

માણસાતાલુકાના ઈન્દ્રપુરા અને રામપુરા ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ માણસાવિધાનસભા ધારાસભ્યશ્રી જે. એસ. પટેલ ના અધ્યક્ષપણા હેઠળ યોજાયો હતો. આ પ્રસંગે લોકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા માટેઅનુરોધ કરાયોહતો. આ ઉપરાંત મહાનુભાવોના હસ્તે સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભોનું વિતરણ કરવામાંઆવ્યું હતું. ધારાસભ્યશ્રી જે. એસ. પટેલેગ્રામજનોને સંકલ્પ યાત્રાનોહેતુ સમજાવીજે ગ્રામજનો સરકારની પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાના લાભથી વંચિત હોય તે તમામ લોકોને વિવિધ યોજનાનો લાભ લેવા અને પોતાના તેમજ દેશના વિકાસમાંયોગદાન આપવા આહવાન કર્યુ હતું. સાથે જ તેમણે સરકારની યોજનાનો લાભ લઈ પોતાનો વિકાસ સાધનાર લાભાર્થીઓને પણ બિરદાવ્યા હતા.

વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય અને કીટનું મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું

'મેરી કહાની, મેરી જુબાની' અંતર્ગત સાત લાભાર્થીઓએ પોતાને મળેલીયોજનાઓના લાભ વિશેની વાત કરી હતી. વિકાસ કાર્યોની ઝાંખી તેમજ વિકસિત ભારત માટે પ્રતિજ્ઞા લીધી હતી. આરોગ્ય વિભાગદ્વારા આયોજિત વિનામૂલ્યે આરોગ્યચેકઅપ કેમ્પનો લોકોએ કાર્યક્રમસ્થળેજ લાભ લીધો હતો.

તંત્રી સ્થાનેથી......

નાંદોદ તાલુકામાં ભ્રમણ કરી રહેલો વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આજે સવારે નાંદોદના ધારાસભ્ય શ્રીમતી ડૉ. દર્શનાબેન દેશમુખનીઉપસ્થિતિમાં સુંદરપુરા ગામે પહોંચતા ગ્રામજનોએ ઉમળભેર આવકાર આપી સરકારશ્રીની યોજનાકીય ફિલ્મો નિહાળીને વિકસિત ભારતના નિર્માણની સામૂહિકપ્રતિજ્ઞા લીધીહતી. આ પ્રસંગે ગ્રામજનોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ ૧૭ જેટલી ફ્લેગશીપ યોજનાઓની માહિતી આપતી ફિલ્મો નિદર્શન થકી યોજનાઓનો લાભ લેવા ગ્રામજનોને અનુરોધ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નાંદોદના ધારાસભ્ય શ્રીમતી ડૉ.દર્શનાબેન દેશમુખે જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીઅને ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી સરકાર છેવાડાના નાગરિકોની સુખાકારીમાં વધારો થાય અને સમૃદ્ધિના પથઉપર લોકોપસાર થાય તે દિશામાં કાર્ય કરી રહી છે. સાથે તમામ નાગરિકોના આરોગ્યની ચિંતા કરી આયુષ્માન કાર્ડના માધ્યમથી રૂપિયા ૧૦ લાખ સુધીનું વીમા કવચ પ્રત્યેક વ્યક્તિને પૂરું પાડ્યું છે. ઉજ્જવલા યોજનાથીમહિલાઓના જીવનમાંઆમૂલ પરિવર્તન આવ્યું છે, તેનાથકીસ્વાસ્થ્ય અનસમય બન્નેનીબચત થઈ છે. પ્રધાનમંત્રી જન ધન યોજનાના કારણે તમામ નાગરિકોના બેંકમાં ખાતા ખોલવાથી આજે સરકારશ્રીનીતમામ યોજનાનો લાભ જે તે લાભાર્થીના ખાતામાં સીધો જ જમા થાય છે. આવી અનેકવિધ યોજનાઓ સરકારે લાગુ કરી છે ત્યારે સૌ નાગરિકો આંગણી વિધ્યાનું પૂણ્ય કરી પાડોશી પણ સરકારશ્રીની યોજનાનો લાભ લઈ શકે તે માટે સહયોગી-માર્ગદર્શક બનવા અને વિકસિતભારતના સંકલ્પને સાકાર કરવામાં તેઓ પોતાનું યોગદાન આપવા સૌ નાગરિકોને અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં દૂધધારા ડેરી-ભરૂચ તેમજ ધારીખેડા સુગર ફેક્ટરીના ચેરમેન શ્રી ઘનશ્યામભાઈ પટેલેપણ પ્રેરક ઉદબોધન કરી સરકારશ્રીની યોજનાઓનો નાગરિકોને લાભ લેવા આહવાન કર્યુ હતું. આ પ્રસંગે "મેરી કહાની, મેરી જુબાની" અંતર્ગત વિવિધ યોજનાના વ્યક્તિગત લાભાર્થીઓએ યોજનાકીય લાભોથી તેમના જીવનમાં આવેલા આમૂલ પરિવર્તનની કહાની ગ્રામજનોસમક્ષ પ્રસ્તુત કરી બાકીરહી ગયેલાલોકોને યોજનાનો લાભ લેવા પ્રેરિત કર્યા હતાં. મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને મંજૂરી પત્રોતેમજ લાભોનું વિતરણ કરીસરપંચશ્રીને અભિલેખાપત્ર એનાયત કર્યું હતું. "ધરતી કરે પુકાર થીમ" આધારિત નુક્કડ નાટકની પ્રસ્તુતી ગામની સખીમંડળની બહેનોએ કરી પ્રાકૃતિક ખેતી તરફ વળવા નાગરિકોનેપ્રેરક સંદેશોઆપ્યો હતો. આ કાર્યક્રમમાંઆંગણવાડી કાર્યકર બહેનો દ્વારા પૌષ્ટિક આહર અંગેનું સ્ટોલ પ્રદર્શન યોજાયું હતું. સાથે આરોગ્યવિભાગ દ્વારાયોજાયેલા હેલ્થ કેમ્પનો ગ્રામજનોએ લાભ લીધો હતો.

ભરૂચના ઠીકરીયા ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,
ભરૂચના ઠીકરીયા ગામ ખાતે વિકસિતભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે લોકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ લેવા માટે અનુરોધ કરાયો હતો. ઉપરાંત આ કાર્યક્રમમાં મહાનુભાવોના વરદહસ્તે વિવિધ સરકારશ્રીની ૧૭ જેટલી યોજનાઓના લાભાર્થીઓને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત 'મેરી કહાની, મેરી જુબાની' અંતર્ગત લાભાર્થીઓએ પોતાને મળેલ યોજનાઓના લાભ વિશેની વાત કરી હતી. વિકાસ કાર્યોની ઝાંખી દર્શાવતી ફિલ્મને લોકોએ રસપૂર્વક નિહાળી હતી તેમજ વિકસિત ભારત માટે પ્રતિજ્ઞા લીધી હતી.

નોંધનીય છે કે, આરોગ્ય વિભાગ દ્વારાઆયોજિત વિનામૂલ્યે આરોગ્ય ચેકઅપ કેમ્પનો લોકોએ કાર્યક્રમ સ્થળે જ લાભ લીધો હતો. આઈસીડીએસ શાખા તરફથી મીલેટસની વાનગીઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરોગ્ય શાખા, આઈસીડીએસ, ખેતીવાડી શાખા, પશુપાલન શાખા, વાસ્મો શાખા, ઉજ્વલા યોજના,સ્વચ્છ ભારત મિશન, મનરેગા મનરેગા, એન.આર એલ.એમ, પીએમઆવાસ જેવા વિભાગોના સ્ટોલનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઠીકરીયા ગામના સરપંચ શ્રીમતી રેખાબેન પટણવાડિયા, ઉપસરપંચ શ્રી જયેશભાઈ પાટણવાડિયા, તાલુકા પંચાયતના સભ્ય શ્રી અજયભાઈ પાટણવાડિયા તથા વિવિધ કચેરીઓના અમલીકરણ અધિકારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિતરહ્યાહતા.

હિંમતનગરનાભાદરડી ગામેતાલુકાપંચાયતપ્રમુખ ભૂમિકાબેનપટેલની ઉપસ્થિતમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો.

કમલમ્ ન્યુઝ,
હિંમતનગરના ભાદરડી ગામે વિકસિતભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ તાલુકા પંચાયત પ્રમુખ ભૂમિકાબેન પટેલનાઅધ્યક્ષ સ્થાને યોજાયો. પ્રારંભમાં પ્રાથમિક શાળાની બાળાઓએ સ્વાગતગીત રજુ કર્યુ.

સ્વાગત પ્રવચન ગામના અગ્રણી હરેશભાઈ પટેલે પોતાની આગવી શૈલીમાં કરી ગામનો ચિતાર રજૂ કર્યો હતો.વિવિધ યોજનાઓના લાભાર્થીઓને પ્રમાણપત્ર અને કિટ નું વિતરણ કરવામાં આવેલ હતુ ખેતીવાડી વિભાગ દ્વારા દવા છંટકાવ માટે ડ્રોનડેમો કરી ગ્રામસેવક રાજપટેલે ગ્રામજનોને માહિતગાર કર્યા હતા.આરોગ્ય વિભાગ દ્વારા આયુષ્યમાન કાર્ડઆપવામાં આવેલ હતા.આ કાર્યક્રમમાં મુખ્ય ઝોન્લા અને ડૉ.આર.ડી.પરીખે પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. આ પ્રસંગે સરપંચશ્રી દિલીપભાઈ પટેલ સહીત ગ્રામ પંચાયતના સભ્યશ્રીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તલાટી બિનલબેન રાઠોડ અને આભાર વિધિ વનિતાબેન પટેલે કર્યું હતું. આભારવિધિ બિ.જે.સ પ્રજાપતિએ કરીહતી.

સરકારી ખેતીવાડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા-વઘઈ ખાતે તાલુકા કક્ષાના 'યુવા મતદાર મહોત્સવ'ની ઉજવણી કરાઈ

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ
ડાંગ જિલ્લાના વઘઈ ખાતે આવેલ સરકારી ખેતીવાડી માધ્યમિક અનેઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે તાલુકા કક્ષાના 'યુવા મતદાર મહોત્સવ-૨૦૨૩'ની ઉજવણી કરવામાં આવી હતી. ચુંટણી પંચ દ્વારા મતદાર જાગૃતિ ઉજવણીના ભાગરૂપે "આવો ચુંટણી પ્રક્રિયાને સમાવિષ્ટ સુગમ અને સહભાગી બનાવીએ" થીમ પર શાળાઓમા ઉજવણી કરવામા આવી હતી. જેમાં સરકારી ખેતીવાડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિધ્યાર્થીઓ દ્વારા ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તેમજ મતદાર જાગૃતિ અંગે માર્ગદર્શન કરી સહી ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમા શાળાના આચાર્ય શ્રી કેતનભાઈ ગવળીના માર્ગદર્શન હેઠળ શિક્ષકો શ્રીમતી કે.વાય.સોલંકી તથા શ્રી જી.એન.પટેલ દ્વારા ચિત્ર, અને નિબંધસ્પર્ધાયોજવામાંઆવીહતી. આ સ્પર્ધામાં શાળાનાં નોંધપાત્ર વિદ્યાર્થીઓએભાગ લીધોહતો. આ સ્પર્ધામાં સારો દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ આપી ભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ઉપરાંત 'યુવા મતદાર જાગૃતિ' અંતર્ગત સહી ઝુંબેશનો કાર્યક્રમ કરી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને મતદાન પ્રક્રિયાકઈ રીતેથાય તેની સમજ આપવામાં આવી હતી. પ્રિસાઈડીંગ ઓફિસર, આસી. પ્રિસાઈડીંગ ઓફિસર તેમજ પોલીંગ ઓફિસરની ચુંટણી દરમ્યાન કઈ કઈફરજો હોય છે, તેનીસમજ આપવામાંઆવી હતી. ૧૮ વર્ષની ઉંમર થાય એટલે ગામના વોટીંગ કાર્ડ બનાવવાની સુચનાઆપવામાંઆવીહતી. દરેક મતદાર કોઈ પણ લાલચ લોભથી મુક્ત રહી એક જાગૃત મતદાર બની, આદર્શ ભારતનુંનિર્માણ થાય એવીઆશા સાથેસંપૂર્ણ માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને ગ્રીનબોર્ડ ઉપર સહી કરાવવામાં આવી હતી.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી અભિગમથી ભારત ૨૦૪૭ સુધીમાં ફરીથી સોને કી ચિડિયા બનશે-ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરિયા

વિકસિત ભારત સંકલ્પ યાત્રાને ચરિતાર્થ કરતો રથ લાવ્યો અનેક યોજનાઓના લાભ સાથે પ્રજાલક્ષી જાણકારી

સરકારની વિવિધ યોજનાઓ પહોંચી ટંકારા તાલુકાનાં હિરાપર ગામના આંગણે

કમલમ્ ન્યુઝ, મોરબી
સમગ્ર દેશના ખુણે ખુણાનું ગામડુંવિકસિત બને અને સામાન્ય તેમજ જરૂરિયાતમંદ એમ દરેક લોકો સરકારની કલ્યાણકારી યોજનાઓનાં લાભને ઘર આંગણે જ મેળવી શકે તે માટે સરકાર દ્વારા વિકસિત ભારતના સંકલ્પ યાત્રા રથનીશરૂઆત કરવામાંઆવી છે. જે અન્વયે આજે ટંકાર તાલુકાના હિરાપર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ લોક કલ્યાણી યોજના સાથે પહોંચીને લોકોને વિવિધ યોજનાથી લાભાન્વિત કર્યા હતા. આ પ્રસંગે ટંકારા ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરિયાએજણાવ્યુંહતુંકે આપણા ગામે વિકસિતભારત સંકલ્પ યાત્રા રથનું જે આગમન થયું છે તેનો મુખ્ય ઉદ્દેશ સરકાર શ્રીની યોજનાઓનાં લાભથી કોઈ વંચિત ન રહે તે માટેનોછે. લોકોઆરથને મોદીજીની ગેરેંટીની ગાડીના હુલામણા નામથી ઓળખવા લાગ્યાં છે. આ રથ થકી કેન્દ્ર સરકારની ૧૭ યોજનાના લાભ વંચિતો સુધી પહોચાડવામાં આવી રહ્યા છે. દેશમાં કોઈપણ વ્યક્તિ આવાસ પાણી, વીજળી આરોગ્ય, શિક્ષણ વગેરે સવલતોથી વંચિત ન રહે તે માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ તેમના નેતૃત્વ હેઠળ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનીસરકાર સતત પ્રયત્નશીલ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી અભિગમથી ભારત ૨૦૪૭ સુધીમાં ફરીથી સોનેકી ચિડિયા બનશે તેવું તેમણે વધુમાં જણાવ્યું હતું. આ કાર્યક્રમ અન્વયે મેરી કહાની મેરી જુબાની અંતર્ગત આયુષ્માન કાર્ડ,પ્રધાનમંત્રીકિસાન સન્માન નિધી, પ્રધાનમંત્રી આવાસ યોજના સહિત વિવિધ યોજનાઓના લાભાર્થીઓએ પોતે મેળવેલવિવિધ સહાયની ગાથા રજૂ કરી હતી.આ સાથેપ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ તેમજ ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને કીટ સહિત વિવિધયોજનાઓનીસહાય વિતરણ કરવામાં આવી હતી. ઉપરાંત મહાનુભાવોનાં હસ્તે હિરાપર ગ્રામ પંચાયતમાં સો ટકા નલ સે જલ યોજના હેઠળ શ્રેષ્ઠ કામગીરી બદલ ગ્રામ પંચાયતને પ્રમાણપત્ર આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે સર્વે ઉપસ્થિતોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેકર્ડ કરેલો સંદેશો સાંભળી ભારતની વિકાસ યાત્રાને પ્રદર્શિત કરતી પ્રદર્શન ફિલ્મ નિહાળી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવો તથા ગ્રામજનો વિકસિત ભારત માટેના શપથલઈને દેશના વિકાસમાં વધુને વધુ પોતાનુ યોગદાન આપવા સંકલ્પબદ્ધથયાંહતાં. કાર્યક્રમ સ્થળે આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા ઉભા કરાયેલા પોષણયુક્ત આહારનું નિદર્શન સ્ટોલ, ટેક હોમ રાશન થકી સગર્ભા-ધાત્રી માતા, બહેનો, કિશોરીઓ, બાળકોના પોષણ માટે અતિઆવશ્યક પોષણયુક્ત આહાર વિશે નાગરિકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા પણ વિનામૂલ્યે આરોગ્યની તપાસનો સ્ટોલ ઉપરાંત ઉજ્જવલા યોજના, પશુપાલન વિભાગ, લીડ બેંક વગેરે વિભાગની યોજનાઓ અંગેના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરિયા, અગ્રણી સર્વશ્રી વસંતભાઈ માંડવિયા, અશોકભાઈ ચાવડા,અલ્પેશભાઈ દલસાણીયા, દિનેશભાઈ વાઘરિયા, પ્રભુભાઈ કામરિયા, અશોકભાઈ ચાવડા, સંજયભાઈ ભાગીયા, રૂપસિંહ ઝાલા, મદદનીશ પશુપાલન શાખાના જે.પી. ઉઘરેજા તથા આરોગ્યવિભાગ, આઈસીડીએસ, બેંક સહિત વિભાગના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ અને હિરાપરના ગ્રામજનો જોડાયા હતા.

નવસારીના RFO ને વન દુર્ગા એવોર્ડથી સન્માનિત કરાયા

એક્સપ્લોરિંગ વુમનહૂડ ફાઉન્ડેશન દ્વારા દેશની ચાર મહિલાઓને સન્માનિત કરાયા

RFO હીના પટેલને પ્રકૃતિના સંરક્ષણ ક્ષેત્રમાં સાહસિક, કુશળ અને ઉત્કૃષ્ઠ કાર્ય માટે વનદુર્ગા પુરસ્કાર એનાયત કરાયો

કમલમ્ન્યુઝ, નવસારી
આસામના ગુવાહાટીમાં આયોજિત પ્રથમ એશિયન રેંજર ફોરમમાં સામાજિક વનીકરણ વિભાગ નવસારીના RFO હિના પટેલને વનદુર્ગા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. રેન્જ ફોરેસ્ટ ઓફિસરહીના પટેલને પ્રકૃતિના સંરક્ષણ માટે તેમના સમર્પણ બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. હિના પટેલે ફોરેસ્ટ ઓફિસર તરીકેની કારકિર્દીમાં પ્રશંસનીય કામગીરી કરીઉજ્જડ જમીનને ફળદ્રુપ બનાવી ખેતી થઈ શકે તે માટેના પ્રયાસો કર્યા છે. તેમજ વન્ય પ્રાણીઓના રક્ષણ માટે કાબેલેદાદ કામગીરી કરી રહ્યા છે. આસામના ગુવાહાટીમાં ગત તા.૫ મી ડિસેમ્બરના રોજ આયોજિત પ્રથમ એશિયન રેન્જર ફોરમમાં એક્સપ્લોરિંગવુમનહૂડ ફાઉન્ડેશન દ્વારાદેશની ચાર મહિલાઓને વન દુર્ગા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વન દુર્ગા પુરસ્કારો વન્યજીવન અને વન સંરક્ષણ માટે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર મહિલાઓને આપવામાં આવે છે. હીનાપટેલને પ્રકૃતિના સંરક્ષણના ક્ષેત્રમાંઆવા સાહસિક,કુશળ અને ઉત્કૃષ્ઠ કાર્ય માટે વનદુર્ગા એવોર્ડ આપવામાં આવ્યો છે. પોતાને મળેલા વન દુર્ગાએવોર્ડ વિશે હીના પટેલે જણાવ્યુ હતું કે, વ્યક્તિની ક્ષમતાને સ્ત્રી કે પુરુષના રૂપમાં ન જોવી જોઈએ. સ્ત્રી કોઈપણ ક્ષેત્રમાં કામ કરવાંસક્ષમછે. ગુજરાત વન વિભાગમા હું દસવર્ષથી જોડાયેલ છું. ડિપાર્ટમેન્ટ ના તથા ઉપરી અધિકારીઓના સહયોગના લીધે આજની ખુબજ પ્રેરણાદાયી રહી છે . પ્રાણીઓ સાથે કામ કરવું તે ખૂબ જ રોમાંચક કાર્યછે. જે મને પ્રકૃતિની વધુ નજીક લઈ જાય છે. હીના પટેલે જણાવ્યુ કે, ફિલ્ડ વર્ક દરમિયાન રેન્જ ફોરેસ્ટ ઓફિસર તરીકે કામ કરતી વખતે, મને મહિલાઓ તરફથી પૂરતો સહકાર અને તાકાત મળી છે. મહિલાઓ મારી સાથે મુલાકાત કરી મારી કામગીરી વિશે જાણી પોતાની દિકરીઓને આત્મનિર્ભર બનવવા માર્ગદર્શન અને પ્રેરણાઆપવા કહે છે. તે તેના પ્રેરણા સ્ત્રોત છે. ખેડૂત પુત્રી હોવાનું ગૌરવ કરતા હીના પટેલ જણાવેછે કે, હું એશિયાટિક સિંહને અમારા વિસ્તારમાં જોઈને મોટી થઈ છું. મારા માતા-પિતા મારી શક્તિના આધારસ્તંભ છે તેઓએ હંમેશામને રાષ્ટ્રમાટે કંઈક કરવાની પ્રેરણા આપી છે. હીના પટેલે વન દુર્ગા સન્માન પ્રાપ્ત કરી વનવિભાગ તથા સમગ્ર ગુજરાતનું ગૌરવવધાર્યું છે.

રાજય કક્ષાના તાઈકવૉન્ડો ચેમ્પિયનશિપ સ્પર્ધામાં અંકલેશ્વર ના સ્પર્ધકો નો ઉજ્જવળ દેખાવ

૮ સ્પર્ધકો પૈકી ત્રણ સ્પર્ધકે ગોલ્ડ મેડલ,ત્રણ સિલ્વર મેડલ અને એક બ્રોન્ઝ મેડલ મેળવ્યો.

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ
રાજય કક્ષાના તાઈકવૉન્ડો ચેમ્પિયનશિપ સ્પર્ધામાં અંકલેશ્વરની ૮ સ્પર્ધકો પૈકી ત્રણ સ્પર્ધકે ગોલ્ડ મેડલ,ત્રણ સિલ્વર મેડલઅને એક બ્રોન્ઝમેડલ મેળવી ભરૂચ જિલ્લાનુ અમદાવાદમાં યોજાયેલા રાજય કક્ષાના તાઈકવૉન્ડોચેમ્પિયનશિપસ્પર્ધામાં અંકલેશ્વરની ૮ સ્પર્ધકો પૈકી ત્રણ સ્પર્ધકે ગોલ્ડ મેડલ,ત્રણ સિલ્વર મેડલઅને એક બ્રોન્ઝમેડલ મેળવી ભરૂચજિલ્લાનુંનામ રાજ્યકક્ષાએ ગૌરવવંતુ કર્યુ છે.... અંકલેશ્વરની તક્ષશિલા શાળામાં કોચ હિતેશ વાઘેલાના માર્ગદર્શન હેઠળ તાઈકવૉન્ડોના ક્લાસના કરાવવામાં આવીરહ્યાછે. જેમાંમોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તાઈકવૉન્ડોશીખી રહ્યાં છે. ત્યારે અમદાવાદ ખાતે ગુજરાત એમેચ્યોર તાઈકવૉન્ડો એસોસિએશન દ્વારા રાજ્યકક્ષાની તાઈકવૉન્ડો સ્પર્ધા ૨૦૨૩-૨૦૨૪ નું આયોજન કરવામાં આવ્યું હતુ.આ સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાથી મોટી સંખ્યામાં સ્પર્ધકોએઉસ્તાહ પૂર્વક ભાગ લીધો હતો.આ સ્પર્ધામાંઅંકલેશ્વરનાઆઠ સ્પર્ધકોએ કોચ હિતેશ વાઘેલાના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો.આ સ્પર્ધામાં દ્રષ્ટિ યાદવ, ભાર્ગવી પટેલ, પિયુષ કુમાવતે ઉતકર્ષ પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.જયારે શ્રેયા યાદવ,મયંક પટેલ,યાસીન ખલીફાએ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો.જ્યારે સાર્થક તિવારીએ બ્રોન્ઝ મેડલપ્રાપ્ત કર્યોહતો.તેમજ મિહિર પટેલે પણ સ્પર્ધામાં ભાગ લીધો હતો.આમ ૩ વિધાર્થીઓને સુવર્ણ ચંદ્રક, ૩ વિધાર્થીઓને સિલ્વર મેડલ અને૧ વિદ્યાર્થીને એક બ્રોન્ઝ પ્રાપ્ત કરી ભરૂચ અને અંકલેશ્વર શહેરનુંનામ રાજ્ય કક્ષાએ અંકિત કર્યું હતુ.

ડાંગનુ જંગલ જિલ્લાની ઓળખાણ બની છે - શ્રી વિજયભાઈ પટેલ

વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઇ પટેલના હસ્તે લાભાર્થીઓને સાધન વિતરણ કરાયા

ઉત્તર ડાંગ વન વિભાગ દ્વારા વાંવદા ગામે વનલક્ષ્મી યોજના અંતર્ગત પાણીની ટાંકી અને અનાજ ઉપણવાના પંખા વિતરણ કરાયા

૨૦૦ લાભાર્થીઓને પાણીની ટાંકી તેમજ પંખાનુ વિતરણ કરાયુ

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ
સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા સ્વાયત્ત સંસ્થાઓ/લોક સહકારથી વનોનું પુન:નિર્માણ કરવાની યોજના અંતર્ગત વન વિભાગ દ્વારા સહભાગી વન વ્યવસ્થા સમિતિઓને પ્રતિવર્ષ જંગલ કામદાર મંડળીઓને ફાળવવામા આવતાં કુપો થકી ઉત્પાદન થયેલ લાકડાની હરાજીથી વેચાણ બાદ, સરકારશ્રીને થયેલચોખ્ખી ૮૦% આવકની રકમ સામે ૨૦%રકમ ભૌતિકસ્વરૂપમાં સાંકળીલઈ "વન લક્ષ્મી" અભિયાન શરૂ કરવામા આવ્યું છે. "વનલક્ષ્મી" યોજના થકી ગામોમાં સામુહિક વિકાસના લાભો જેવા કે, જમીન લેવલીંગ, સિંચાઈ માટે લીફ્ટ ઈરીગેશન, દુધાળા પશુ ગાય અને પીવાના પાણીની સુવિધાઓ જેવી સામુહિક ગામવિકાસના કામોકરવામા આવે છે. વિધાનસભા નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલનાઅધ્યક્ષ સ્થાને આહવા તાલુકાના વાંવદા ગામમા વનલક્ષ્મી કાર્યક્રમઅંતર્ગત પાણીની ટાંકી/અનાજ ઉણપવાનાં પંખાનુ વિતરણ કરવામાઆવ્યુ હતુ. ડાંગ જિલ્લાના જંગલ વિશે માહિતગાર કરતા શ્રી વિજયભાઈપટેલે જણાવ્યુ હતુ કે, મહારાષ્ટ્રને અડીને આવેલ ડાંગ જિલ્લામાજંગલની જાળવણી થયેલ છે. જેનાકારણે આજે અહિ પ્રવાસન પણવિકસીત થયેલછે. આ જંગલ જ આપણા જિલ્લાની ઓળખછે ત્યારે જંગલની જાળવણી માટે સૌના સહિયાર પ્રયાસ જરૂરી છે. સાથે જ જંગલની ઉપજમા સહકાર આપવા ગ્રામજનોને શ્રી વિજયભાઈ પટેલે અનુરોધ કર્યો હતો. આ સાથે જ બિમારી તેમજ પરિવારના સંકટ સમયે આશિર્વાદ સમાન સરકારશ્રીની પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડયોજના અંતર્ગત સૌ ગ્રામજનોને આયુષ્યમાન કાર્ડ મેળવી લેવા પણ શ્રી વિજયભાઈ પટેલે ગ્રામજનોને જણાવ્યુ હતુ. અહિં વન વિકાસ સહકારી મંડળી લી.વાંવદા મંડળીને અનાજ કાઢવાના પંખા ૨૦ નંગ જેની કુલ રકમ ૩,૧૯,૮૦૦ જે ૧૦ લાભાર્થી દીઠ એક પંખા સાથે કુલ ૨૦૦ લાભાર્થીઓ તેમજ રૂપિયા ૧૧ લાખના ખર્ચે ૫૦૦ લીટર પાણીની ટાંકી ૨૦૦ નંગ જે મંડળીઓનાકુલ૨૦૦લાભાર્થીઓને વિતરણ કરવામા આવ્યુ હતુ. વાંવદા ખાતે યોજાયેલ વનલક્ષ્મી યોજના અંતર્ગત સાધન સહાય વિતરણ કાર્યક્રમમા ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખશ્રીમતી નિર્મળાબેન ગાઈન, સામાજીક કાર્યકર શ્રી સુભાસભાઈ ગાઈન, ઉત્તર નાયબ વનસંરક્ષક શ્રીદિનેશભાઈ રબારી, મદદનીશ નાયબ વન સંરક્ષક શ્રી કેયુરભાઈ પટેલ, આર.એફ.ઓ. સર્વશ્રી વિનયભાઈ પવાર, દિપકભાઈ હળપતી, શ્રીમતી અંજનાબેન પાલવા તેમજ વનકર્મીઓ સહિત મોટી સંખ્યામા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હાસોટ તાલુકાના છિલોદરા ખાતે ધારાસભ્યશ્રીના અધ્યક્ષસ્થાને "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" કાર્યક્રમ યોજાયો

દરેક નાગરિક જનકલ્યાણની યોજનાઓનો લાભ લે તથા લોકો સુધી આ યોજનાની માહિતી પહોંચાડે તેવો અનુરોધ કરતા ધારાસભ્યશ્રી ઈશ્વરસિંહ પટેલ

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૧૫ નવેમ્બરના ’વિકસિત ભારત સંકલ્પ યાત્રા’નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જે અન્વયે હાસોટ તાલુકાના છિલોદરા ખાતે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લાભાર્થીઓને લાભોનું વિતરણ સાથે અન્ય યોજનાઓની જાણકારી આપવામાં આવી હતી. આ તકે, ધારાસભ્યશ્રી ઈશ્વરસિંહ પટેલે

“છેવાડાના નાગરિકો સુધી જનકલ્યાણનીયોજનાઓનો લાભ પહોંચાડવા તેમજ વર્ષ ૨૦૪૭માં ભારત દેશ વિકસિત બની વિશ્વ ફલક પર અંકિત થાય તે હેતુથી "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" યોજવામાંઆવીરહીછે.ત્યારે દરેક લોકો તેનો લાભ લે તથા આ અંગે અન્ય લોકો સુધી આ યોજનાની માહિતી પહોંચાડે તેવો અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાંગ્રામજનોએ પ્રધાનમંત્રીશ્રીનો વીડિયો સંદેશ નિહાળ્યોહતો. ઉપરાંતમેરી કહાની મેરી જુબાનીહેઠળ લાભાર્થીઓએ સરકારશ્રીની યોજનાઓથકી તેમને મળેલા લાભો અંગે પોતાના અનુભવો વર્ણવી સરકારશ્રીનો આભાર વ્યકત કર્યો હતો. સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લાભ એનાયતકરવામાં આવ્યાહતા. આ પ્રસંગે ઉપસ્થિત સૌ નાગરિકોએ વિકસિતભારત-૨૦૪૭નાસ્વપ્નને સાકાર કરવામાંપોતાની ભાગીદારી નોંધાવવાના સંકલ્પ લીધાહતા. આ પ્રસંગે તાલુકા પંચાયત માજી ઉપપ્રમુખ- શ્રી ગેમલસિંહ પટેલ, માજી કારોબારી અધ્યક્ષ તા.પં,હાંસોટ શ્રી જયેશભાઈ ડી પટેલ, વહીવટદારશ્રી અન્ય પદાધિકારીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્યશ્રી રીતેષ વસાવાના અધ્યક્ષસ્થાને ઝઘડિયા તાલુકાના રઝલવાડા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

ધારાસભ્યશ્રીએ પોતે આરોગ્ય કેમ્પમાં બી.પી.-ડાયાબિટીસની તપાસ કરાવી અને મહત્તમ લોકો આ કેમ્પ થકી લાભાન્વિત થાય તે સુનિશ્ચિત કર્યું

ધારાસભ્યશ્રીએ ગ્રામજનોને યોજનાકીય માહિતીની જાણકારી રાખવા, યોજનાનો લાભ લેવા તેમજ વંચિત લાભાર્થીઓને જાગૃત કરવા અનુરોધ કર્યો

કમલમ્ ન્યુઝ,

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનાનેતૃત્વમાં’વિકસિત ભારત સંકલ્પ યાત્રા’નો પ્રારંભ સમગ્ર રાજ્યમાં કરવામાં આવ્યો હતો. જેને ભરૂચ જિલ્લામાં વ્યાપક જનપ્રતિસાદ મળી રહ્યો છે. ઝઘડિયા તાલુકાના રઝલવાડા ગામ ખાતેધારાસભ્યશ્રીરીતેષ વસાવાના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ હતી. કાર્યક્રમમાં ધારાસભ્યશ્રીએ ગ્રામજનોનેયોજનાકીય માહિતીની જાણકારી રાખવા, યોજનાનોલાભ લેવા તેમજ વંચિત લાભાર્થીઓને જાગૃત કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને સરકારશ્રીની વિવિધ કલ્યાણકારીયોજનાઓનીસહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત લાભાર્થીઓએ "મેરી કહાની, મેરી જુબાની"થીમ અન્વયે પોતાને મળેલા લાભોની ગાથા વર્ણવી હતી. ગ્રામજનોએ રથના માધ્યમથી વિકાસની ઝાંખી રજૂ કરતી ફિલ્મ નિહાળી હતી. ગ્રામજનોએ વિકસિત ભારતના નિર્માણ માટે પોતાની સહયોગીતા આપવાના શપથ લીધા હતા. આ તકે ઉપસ્થિતમહેમાનોએ આરોગ્ય અને આંગણવાડી દ્વારા ઉભા કરાયેલા કેમ્પની મુલાકાત લીધી હતીતથા ધારાસભ્યશ્રીએપોતે પણ આરોગ્ય કેમ્પમાં બી.પી.-ડાયાબિટીસની તપાસ કરાવી અને ગામના મહત્તમલોકો આ કેમ્પ થકી લાભાન્વિત થાય તે સુનિશ્ચિત કર્યું હતું. કાર્યક્રમમાંરઝલવાડાગામના સરપંચ શ્રી હિતેશભાઈ વસાવા, ઉપસરપંચ શ્રી અશ્વિનભાઈ વસાવા,તાલુકા પંચાયત પ્રમુખ શ્રી જયેન્દ્રભાઈ વસાવાસહિત સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ,લાભાર્થીઓ સહિત મોટી સંખ્યામાંગ્રામજનો ઉપસ્થિત રહ્યાહતા.

તાપી જિલ્લાની યોગ ટ્રેનર બહેનો દ્વારા સ્કૂલોમાં સૂર્ય નમસ્કાર સ્પર્ધા વિશે માહિતી

કમલમ્ ન્યુઝ, રાકેશ વાળા

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતમાં સૂર્યનમસ્કાર સ્પર્ધા નું આયોજન કરવામાંઆવેલ છે. તાપી જિલ્લાની એક્ટિવ યોગ ટ્રેનર બહેનો દ્વારા વિવિધસ્કૂલોમાં જઈ સૂર્ય નમસ્કાર વિશે માર્ગદર્શન આપવામાં આવેલ છે. યોગ કોચ ઉમેશ તામસે દ્વારા ટ્રેઈન થયેલ યોગ ટ્રેનર બહેનો કોકિલાબેન વાળા, નિધિ બુંદેલા, ભાવનાબેન પંચોલી, સુરેખાબેન ઠાકરે , જાગૃતીબેન કસારા, દ્વારા યોગ વિશે પ્રશિક્ષણ આપવામાં આવેલ. સ્કૂલોના વિદ્યાર્થીઓને સૂર્ય નમસ્કાર કેવી રીતના કરવા, તથા સૂર્યનમસ્કાર

દ્વારા થતા ફાયદા વિશે માહિતી આપવામાંઆવેલ. કે.કે. કદમ કન્યા વિદ્યાલય, ખુમ.ગાંધી.પ્રાથમિક શાળા, કે. બી.પટેલ ઈંગ્લિશ મેડિયમ સ્કૂલ, જે.બી.એન્ડ એસ.એ.સ્કૂલ, તાલુકા શાળા મા સૂર્ય નમસ્કારની ટ્રેનિંગ આપવામાં આવેલ. યોગ ટ્રેનર બહેનોને દરેક સ્કૂલના પ્રિન્સિપાલ અને ટીચરોનો સહકાર મળેલ છે.

પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ કચ્છ પાણી પુરવઠાના અધિકારીશ્રીઓ સાથે ભુજમાં સમીક્ષા બેઠક યોજી

કચ્છમાં પીવાના પાણીના પ્રગતિ હેઠળના કામોની સમીક્ષા સાથે સમયમર્યાદામાં પૂર્ણ કરવા પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાની તાકીદ

કચ્છમાં પાણી પુરવઠાના જૂથ સુધારણા હેઠળના નવ પૂર્ણ કામો તથા પ્રગતિ હેઠળના બાવીસ કામોની મંત્રીશ્રીએ કરી સમીક્ષા

કમલમન્યુઝ, ભુજ,

કચ્છની એક દિવસીય મુલાકાતે આવેલા પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ આજરોજભુજ ખાતેકચ્છ જિલ્લા પાણી પુરવઠા વિભાગના અધિકારીશ્રીઓ સાથેબેઠક યોજીને કચ્છમાંપીવાના પાણીની વ્યવસ્થા, પૂર્ણ થયેલા કામો તથા પ્રગતિ હેઠળના કામોની સમીક્ષા કરીને તેને સમય મર્યાદામાં પૂર્ણ કરવા તેમજ પાણી ચોરીને અટકાવવા તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવા સહિતની જરૂરી સૂચના આપી હતી. બેઠકમાં મંત્રીશ્રીએ પાણી પુરવઠા વિભાગના ૯ જૂથ સુધારણા હેઠળના પૂર્ણ કામો અંગે જાણકારી મેળવીને તે અંગે જરૂરી સૂચનો કર્યા હતા. ઉપરાંત કચ્છમાં પ્રગતિ હેઠળના ૨૨ કામોની સમીક્ષા કરી હતી. આ સાથે જ આવતા ઉનાળા પહેલા પ્રગતિ હેઠળના કામો સમયમર્યાદામાં ગુણવત્તાસાથે પૂર્ણ કરવાની તાકીદ સાથેપાણી ચોરીઅટકાવવા તત્કાલ સરપ્રાઈઝ ચેકીંગ સાથે ગુનેગારો સામે કાયદાકીય રીતે કડક પગલા ભરવા પાણી પુરવઠા વિભાગને સૂચના આપી હતી. પાણી પુરવઠા વિભાગસાથેનીબેઠકમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જે પણ પ્રોજેક્ટ ચાલી રહ્યા છે તે તમામમાં ઝડપ લાવીને ઉનાળા પહેલા કામ પૂર્ણ કરવામાંઆવે જેથીલોકોને પીવાના પાણીની કોઈ સમસ્યા ઉભી ન થાય. તેમણે પ્રગતિ હેઠળના કામોમાં આવતી સમસ્યાને દુર કરવા અન્ય વિભાગ સાથે સંકલન કરીનેતત્કાલ ઉકેલલાવવા સુચના આપી હતી.

ઉપરાંતપૂર્ણ થયેલાપ્રોજકેટ યોગ્ય રીતે કાર્યરત રહે તે જોવા તેમજ પ્રસ્તાવિત કામોની પ્રક્રિયા ત્વરાએઆટોપી લેવાસૂચના આપી હતી.બેઠકમાં મંત્રીશ્રીએ કામોની ગુણવત્તા મુદે કડક વલણ અપનાવવા, પ્રગતિ હેઠળના કામોમાં જરૂરી ફોલોઅપ લેવા, નડરતરરૂપ પ્રશ્નોના ઉકેલ માટે સ્થાનિક પદાધિકારીઓ સાથે સંકલન સાધીને તેનો ઉકેલ લાવવા તથા અન્ય વિભાગ સાથે સંકળાયેલા મુદ્દાઓને સંકલન બેઠકમાં મુકીને ઉકેલવા ખાસ સૂચના આપી હતી. મંત્રીશ્રીએ બેઠકમાંઅબડાસા, ભચાઉ, રાપર, ભુજ, માંડવીમાંપૂર્ણ થયેલા૯ જુથ યોજનાના કામો તથા ૨૨ પ્રગતિ હેઠળના કામોની સમીક્ષા કરીને જરૂરી સુચનાઓ આપી હતી. ઉપરાંત મંત્રીશ્રીની ગત મુલાકાત સમયેઆવેલી રજૂઆતોપૈકી કેટલી ઉકેલાઇ તે અંગેની વિગતો મેળવી હતી.જિલ્લા પાણી-પુરવઠા વિભાગે બેઠકમાં પીવાના પાણી મુદે જિલ્લાની સામાન્ય રૂપરેખા તથા પૂર્ણ તથા પ્રગતિ હેઠળના કામોની પ્રેઝન્ટેશન મારફતેછણાવટ કરીને મંત્રીશ્રીને વર્તમાન પરિસ્થિતીનો ચિતાર આપ્યો હતો. બેઠકમાં અબડાસા ધારાસભ્યશ્રી પ્રધુમનસિંહ જાડેજા, ભુજના ધારાસભ્ય શ્રી કેશુભાઈ પટેલ, માંડવી વિસ્તારના ધારાસભ્યશ્રી અનિરુધ્ધભાઈ દવે, અંજાર મતવિસ્તારના ધારાસભ્યશ્રી ત્રિકમભાઈ છાંગાએ પોતાના મતવિસ્તારના પાણીને લગતા પ્રશ્નો રજૂ કર્યા જેને તત્કાલ ઉકેલ માટે મંત્રીશ્રીએ પાણીપુરવઠા વિભાગને ખાસ સૂચના આપી હતી. આજની બેઠકમાં આજની બેઠકમાં કચ્છ જિલ્લા પાણી પુરવઠા વિભાગના ચીફ ઈજનેરશ્રી તથાપાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રીઓ, નાયબ ઈજનેરશ્રીઓ ઉપસ્થિતરહ્યાહતા.

વડાલીના કેશરગંજગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

કમલમ્ ન્યુઝ,ઈકબાલમેમણ

સાબરકાંઠા જીલ્લામાં વડાલી તાલુકાના કેશરગંજ ગામે ધારાસભ્યશ્રી રમણલાલ વોરા અને જિલ્લા કલેક્ટરશ્રી નૈમેષ દવેની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ હતી. કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોએ રથના માધ્યમથી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનો વિડીયોસંદેશ નિહાળ્યોહતો. મોટીસંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોએ ભારત દેશને વર્ષ૨૦૪૭ સુધીમાંવિકસિતરાષ્ટ્ર બનાવવા માટે સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી.આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને લાભોનુ વિતરણ કરાયુ હતુ.ઉપરાંતલાભાર્થીઓએ "મેરી કહાની, મેરી ઝુબાની"થીમ હેઠળપોતાને મળેલાયોજનાકીય લાભોવિશેના પ્રતિભાવો રજૂ કર્યા હતા.આ પ્રસંગે વિવિધ પદાધિકારીઓ,અધિકારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

તલોદના બડોદરા ખાતે ગ્રામજનોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું ઉત્સાહભેર સ્વાગત કર્યું

કમલમ્ ન્યુઝ,ઈકબાલમેમણ

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના બડોદરા ગામે ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમાર ની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ હતી.આ પ્રસંગે ઉપસ્થિત સૌનાગરિકોએ વિકસિતભારત સંકલ્પ યાત્રામાં સહભાગીથવા તેમજ વિકસિત ભારત-૨૦૪૭નાસ્વપ્નને સાકાર કરવામાંપોતાની ભાગીદારીનોંધાવવાના સંકલ્પ લીધાહતા. લાભાર્થીઓને મહાનુભવોનાહસ્તે સહાય વિતરણકરાયુંહતું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખશ્રી, ગામના સરપંચશ્રી, જનપ્રતિનિધિઓ, આગેવાનો, અધિકારી/ કર્મચારીશ્રીઓ તેમજ ગ્રામજનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નડિયાદના અધ્યક્ષસ્થાને, ખેડા જિલ્લાના નડિયાદ નગરપાલિકા વિસ્તારમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ લેવા માટે લોકોને અનુરોધ કરતા ધારાસભ્યશ્રી પંકજભાઈ દેસાઈ

કમલમ્ ન્યુઝ,

વિકસિત ભારત સંકલ્પ યાત્રા નડિયાદ તાલુકા લેવલે ફર્યા બાદ, નડિયાદનગરપાલિકા કક્ષાએ આવી પહોંચી હતી, નડિયાદ શહેરના મિશન રોડ, રામસરોવર પશ્ચિમવિસ્તારમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો કાર્યક્રમ ધારાસભ્યશ્રી પંકજ દેસાઈની અધ્યક્ષાસ્થાને યોજાયો હતો. કાર્યક્રમમાં નડિયાદ નગરપાલિકાની સ્કૂલની વિદ્યાર્થિનીઓએ તિલક કરી ધારાસભ્યશ્રીનોઉષ્માભેર સ્વાગત કર્યો હતો. તેમજ કાર્યક્રમ દરમિયાન વિકસિતભારત સંકલ્પ યાત્રાના લાભાર્થીઓએ પોતાને પ્રાપ્ત ભારત સરકાર તથા ગુજરાત સરકારની યોજનાઓ ટૂંક જ ગાળામાં મળતા તેમને તેમના અનુભવો જણાવ્યા હતા. જેમાં ખાસ કરીનેમાં અમૃતમ યોજના, પ્રધાનમંત્રી આવાસયોજના, સોઈલ કાર્ડ યોજના, ગર્ભવતી બહેનો માટેની યોજનાના લાભાર્થીઓએ મળેલ લાભ અંતર્ગત મેરી કહાની મેરી જુબાનીરજૂ કર્યાહતા તેમજ વિકસિત ભારત યાત્રા આવેલ ગાડીમાંથી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો વિકસિત ભારત અંતર્ગત સંદેશો સાંભળ્યો હતો. દીપ પ્રાગટ્યકરતા ધારાસભ્યશ્રી પંકજ દેસાઈએ જણાવ્યું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા ગામડાઓમાં સરકારી યોજનાઓના લાભાર્થીઓને લાભ આપી નગરપાલિકા વિસ્તારમાં આવી પહોંચી છે. ત્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સંકલ્પને સાકાર કરવા આ રથતમારી સમક્ષ આવી પહોંચ્યો છે. ૧૫મી નવેમ્બરે વીર બિરસા મુંડાની જન્મજયંતીથી પ્રધાનમંત્રી એ આ યાત્રાની શુભ શરૂઆત કરી હતી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલેઅંબાજી માતાનામંદિરેથી આ કલ્યાણકારીરથને લીલીઝંડીઆપી હતી. આજે ગામડાના લોકોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન ૧૭ જેટલી સરકારી યોજનાઓનોલાભ લીધોછે. આજે આ યાત્રાશહેરી વિસ્તારોમાં આવી છે. તેથી તમામ નગરપાલિકા વિસ્તારમાં વસતા નાગરિકોને વિનંતી કરું છું કે આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો તમામ નાગરિકો લાભ લે અને પોતાના પાડોશીઓ અને નજીકના મિત્રોને પણ સરકારી યોજનાની માહિતી આપી તેનો લાભ લેવા પ્રેરિત કરે. કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય શ્રી પંકજ દેસાઈએ આઈ સી ડી એસ, જલ સે નર, જિલ્લા ખેતીવાડી, આરોગ્ય , ઉજ્જવલા યોજનાના સ્ટોલની મુલાકાત લીધી અને આરોગ્યની ટીમને નગરજનોના આરોગ્યની તેમ મધુપ્રમેહ (ડાયાબિટીઝ) જેવા રોગોની માહિતી આપવા વિનંતી કરી હતી. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો તેમજ લાભાર્થીઓ અને આમ પ્રજાએ શપથ ગ્રહણ કર્યા હતા. આ કાર્યક્રમમાં અગ્રણી જહાનવી વ્યાસ, નગરપાલિકા પ્રમુખ શ્રી કિંજલબેન શાહ, કલ્પેશભાઈરાવલ, શ્રી પરિનભાઈ બ્રહ્મભટ્ટ, પ્રાંત અધિકારીશ્રી કે. એસ.સુવેરા, નગરપાલિકાના મુખ્ય અધિકારી,મુખ્ય એન્જિનિયર તેમજ નડિયાદ નગરપાલિકાના પશ્ચિમ વિસ્તારના રહેવાસીઓ મોટી સંખ્યામાંહાજર રહ્યા હતા.

સંતરામપુર નગરપાલિકા ટાઉનહોલ ખાતે પશુપાલન શિબિર તેમજ પ્રદર્શનનું આયોજન

મંત્રી શ્રી પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોર સાહેબની પ્રેરક ઉપસ્થિતિ

કમલમ્ ન્યુઝ,

કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે સંતરામપુર નગરપાલિકા ટાઉનહોલ ખાતે આયોજિત મહીસાગર જીલ્લા પંચાયત, સંતરામપુર તાલુકા પંચાયત અને પશુ દવાખાનાદ્વારા તાલુકાકક્ષાની પશુપાલન શિબિર તેમજ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાંપશુપાલક ખેડૂતોઅને મહિલાઓને રાજ્ય સરકારનીવિવિધ કલ્યાણકારી યોજનાઓ વિષે વિસ્તૃત માહિતીતેમજ માર્ગદર્શન આપ્યું. પશુપાલન થકી અનેક પરિવારો આર્થિકરીતે આત્મનિર્ભર બન્યા છે. ગુજરાત સરકારનીખેડુત, કૃષિઅને પશુપાલનક્ષેત્ર માટેની લાભદાયક નીતિઓતથા યોજનાઓને લીધે સહકાર, ડેરી તથા પશુપાલન ક્ષેત્રે ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રાજ્ય બન્યું છે અને તેના દ્વારા હજારો પરિવારોને રોજગારી પ્રાપ્ત થઇ છે. ત્યારે આ કાર્યક્રમ મા સાથે સંતરામપુર તાલુકા વિકાસ અધિકારી જેમિની બેન પટેલ,સંતરામપુર તાલુકા પંચાયતના પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ,સંતરામપુર મામલતદાર શ્રી, રથના ઈન્ચાર્જ શ્રી ભરતભાઈ પટેલ, સહીત અધિકારી ગણ, સ્ટાફ ગણ, અને મોટીસંખ્યામાં, ગ્રામજનો, તેમજ કર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષતામાં કડાણા તાલુકાના સરસડી પ્રાથમિક શાળા ખાતે આવી પહોંચેલી ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’ના રથનું ભવ્ય સ્વાગત કરાયું

‘વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભો જનજન સુધી પહોંચાડવા સરકાર કટિબદ્ધ છે’ :મંત્રીશ્રી

મહાનુભાવોના હસ્તે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ

કમલમ્ ન્યુઝ,

રાજ્ય સરકારની વિભિન્ન જનસુખાકારી-લોકકલ્યાણકારી યોજનાઓથી જન-જનને વધુમાં વધુઅવગત કરવાઅર્થે પ્રારંભાયેલ ??વિકસિત ભારત સંકલ્પ યાત્રા’’ અન્વયે આજ રોજ મહીસાગર જીલ્લાના કડાણાતાલુકાનાસરસડી પ્રાથમિક શાળા ખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રીડૉ. કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષાસ્થાને ??વિકસિત ભારત સંકલ્પ યાત્રા’’ માં સૌ ગ્રામજનોને કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભ લેવા માટે અનુરોધ કર્યો. આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભો જનજન સુધી પહોંચાડવા સરકાર કટિબદ્ધ છે. જરૂરિયાતમંદ લોકોને વિવિધ યોજનાકીય લાભોથી લાભાન્વિત કરાઈ રહ્યાછે. ગામથી લઈ દેશના વિકાસ માટે આપણે સહિયારૂ યોગદાન આપીએ એવો મત તેમણે વ્યક્ત કરી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો શુભાશય જણાવ્યો હતો. વધુમા તેમણે જણાવ્યું કે, સરકારે મહિલાઓની ચિંતા કરી ઉજવલા યોજના અમલમાં મૂકી છે. જેમાં નિઃશુલ્ક ગેસ કનેકશન આપી ગામડાની અનેક મહિલાઓને ચૂલાના અસહ્ય તાપ અને ધુમાડાથી મુક્તિ આપી છે. તેમજ ગંગા સ્વરૂપાબહેનોને દર મહિને ૧૨૫૦રૂપિયાની નાણાંકીય સહાય આપી તેઓને આર્થિક ટેકો આપ્યો છે. આ કાર્યક્રમમાં વિવિધ શાખાના અધિકારીઓએ વિવિધ વિભાગોની યોજનાઓ વિષેવિસ્તૃત માહિતી આપીને તેનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યાહતા. આ અવસરે મંત્રીશ્રીના હસ્તે સરકારશ્રીની વિવિધકલ્યાણકારી યોજનાઓના લાભોનુંવિતરણ કરાયું હતું. તેમજ લાભાર્થીઓએ પોતાના અનુભવો જણાવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, કડાણા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગુબેન, સંતરામપુર તાલુકા પંચાયતના પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ, કડાણા તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

૧૫ કિ.મી. લાંબી માનવસાંકળ રચી સુરતીઓએ રચ્યો ઈતિહાસ

સુરતમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના આગમન પૂર્વે ૨૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ, શહેરીજનોએ સદ્ભાવના માનવ સાંકળ રચી આપ્યો સ્વચ્છતાનો સંદેશ

સુરત શહેરની ૪૩ શાળા અને ૨૨ કોલેજના વિદ્યાર્થીઓ હાથમાં ટ્રાઇ કલર બેન્ડ બાંધી 'ક્લીન સિટી', 'ગ્રીન સિટી' અને 'સેફ સિટી'નો આપ્યો સંદેશ

સાંસદ સી.આર.પાટીલ, ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી, વન-પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા

કમલમ્ ન્યુઝ,

સુરતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમનને વધાવવા અને સમગ્રદેશને સ્વચ્છતા, સુરક્ષા અને સ્વાસ્થ્યનો સામૂહિક સંદેશ આપવા સુરત શહેરની વિવિધ શાળાઓ અનેકોલેજના આશરે ૨૫ હજારથી વધુ વિદ્યાર્થીઓસાથે શહેરીજનોએ સ્વયંભૂ જોડાઈને 'સદ્ભાવના માનવસાંકળ' (હ્યુમન ચેઈન) રચી હતી. જેમાં સાંસદશ્રી સી.આર.પાટીલ, ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, વન-પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલે વિશેષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ અને શહેરીજનોને પ્રોત્સાહિત કર્યા હતા. પોલીસ કમિશનર કચેરી, જિલ્લા વહીવટીતંત્ર, સુરત મહાનગરપાલિકા તેમજ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે આયોજિતકાર્યક્રમ અંતર્ગત પોલીસ પરેડ ગ્રાઉન્ડથી પીપલોદના વાય જંકશન અને ત્યાંથી ખટોદરા સ્થિત ચોસઠ જોગણી માતાના મંદિર સુધી ૧૫ કિ.મી. લાંબી માનવસાંકળ રચી હતી. સમગ્ર દેશમાં મોજીલા સુરતી તરીકે ઓળખાતા સુરતવાસીઓએ રાજ્યમાં પ્રથમવખતઆટલી લાંબી

સુરત શહેર સમગ્ર ભારતમાં અર્બન ગવર્નન્સ અને ક્લીનલીનેસ માટે જગવિખ્યાત થઈ રહ્યું છે: ગૃહરાજ્યમંત્રી

માનવસાંકળ રચી ઈતિહાસ રચ્યો છે. સ્વચ્છ, સુરક્ષિત અને ફિટ સુરતના સંદેશાસાથે માનવ સાંકળે સુરતમાં નવો ઈતિહાસ સર્જ્યો છે એમ જણાવતા ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ માધ્યમકર્મીઓ વાત કરતાકહ્યુંહતું કે, સ્વચ્છ ભારતના સંકલ્પને સાકાર કરવારાજ્યમાં સૌ પ્રથમવાર ૧૫ કિમી લાંબી માનવ સાંકળ રચાઈ છે. સુરતશહેર સમગ્ર ભારતમાં અર્બન ગવર્નન્સ અને ક્લીનલીનેસ માટેજગવિખ્યાતથઈ રહ્યું છેએમ જણાવી વડાપ્રધાનશ્રી તા.૧૭મી ડિસેમ્બરે સુરતની મુલાકાતે આવી રહ્યા છે, ત્યારે સુરતીઓમાં જોવા મળેલો અદમ્ય ઉત્સાહ સરાહનીય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરની ૪૩ શાળાઓમાંથી આશરે ૨૫ હજાર અને ૨૨ કોલેજો મળી ૩૦૦૦થી વધુ બાળકો સાથે શહેરીજનોએ સમગ્ર દેશને 'ક્લીન સુરત, ગ્રીન સુરત અને ફિટ સુરત'નો સંદેશો આપ્યો હતો. માનવ સાંકળમાં બાળકોએ વિવિધપ્લે કાર્ડ, રાષ્ટ્રધ્વજ હાથમાં રાખી 'ક્લીન, ગ્રીન અને ફિટ સિટી'ના નારા સાથે હાથમાં ટ્રાઈ કલર બેન્ડ બાંધી માનવ સાંકળમાં સહભાગી બન્યા હતા. આ પ્રસંગે ધારાસભ્યશ્રી સંદીપ દેસાઈ, જિલ્લાકલેક્ટરશ્રી આયુષ ઓક, મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલ, પોલીસ કમિશનરશ્રી અજયકુમાર તોમર, શહેર સંગઠન અધ્યક્ષ નિરંજનભાઈ ઝાંઝમેરા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડી.આર.દરજી, VNSGના કુલપતિ કિશોરસિંહ ચાવડા, વહીવટીતંત્ર, મહાનગરપાલિકા અને પોલીસ વિભાગ તથા શિક્ષણ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ, વિદ્યાર્થીઓ સહિત શહેરીજનો વહેલી સવારે મોટી સંખ્યામાં સહભાગીબન્યા હતા.

મોરબી નટરાજ ફાટકે ઓવરબ્રિજના વૈકલ્પિક રસ્તા ઉપરની અડચણો દૂર કરવા તાકીદ ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયા

ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાએ પ્રોજેક્ટની મુલાકાત લઈને આરએન્ડબીના અધિકારીને રસ્તો વ્યવસ્થિત બનાવવા માટે સૂચના આપી

કમલમ્ ન્યુઝ, મોરબી

મોરબીશહેર અનેસામાકાંઠા વિસ્તારને જોડતીમુખ્ય કડીનટરાજ ફાટકપર ઓવરબ્રિજનાબની રહેલાવૈકલ્પિક રસ્તાનુંધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાએ નિરીક્ષણ કરી આર એન્ડ બીના અધિકારીને રસ્તો વ્યવસ્થિત બનાવવા માટે ચર્ચા વિચારણાકરીને આરસ્તામાં અડચણરૂપ દબાણો દૂર કરવાની તાકીદ કરી હતી. મોરબીના નટરાજ ફાટક પર ટ્રાફિક સમસ્યા ઉકેલવા માટે અંતે ઓવરબ્રિજની સરકાર દ્વારા મંજુરી આપવામાં આવી હતી. આથીહાલ નટરાજ ફાટક પાસેઓવરબ્રિજ અનેરસ્તો બનાવવાની કવાયત કરવામાં આવી રહી છે. જેમાં નટરાજ ફાટકથી આગળ તાલુકા સેવાસદનના નાકે ફાજલ પડેલી જગ્યામાં વૈકલ્પિક રસ્તો બનાવીને આ રસ્તો કાયમી ધોરણે ચાલુ રાખવાનો હોય ધારાસભ્ય અમૃતિયાએ આ રસ્તાની મુલાકાતલઈ રસ્તાનાકામને લઈને આર.એન્ડ.બીના અધિકારી હિતેશઆદ્રોજા સાથેચર્ચા વિચારણા કરી હતી. તેમજ આ રસ્તાને યોગ્ય રીતે બનાવવાઅને રસ્તા પર વિજપોલ સહિતજે જે અડચરૂપહોય તેવા તમામ દબાણોને હટાવી દેવાની તેઓએ સૂચના આપી હતી.

વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઓલપાડ તાલુકાના કમરોલી ગામે આવી પહોંચેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું ભવ્ય સ્વાગત

સંકલ્પ યાત્રાના માધ્યમથી સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભો જનજન સુધી પહોંચાડવા સરકાર કટિબદ્ધ

લોકોના જીવન બદલવાનું અને જીવન ધોરણ સુધારવાનું વિકસિત ભારત યાત્રાનું લક્ષ્ય: :વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ

કમલમ્ ન્યુઝ,

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના ગ્રામજનો સુધી પહોંચે તેવા આશયથી સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કમરોલી ગામ ખાતે વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રીમુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'વિકસિત ભારત સંકલ્પયાત્રા' યોજાઈ હતી. સંકલ્પ યાત્રા રથનું ભવ્ય સ્વાગત કરી ગ્રામજનોએ વિકસિત ભારતની પ્રતિજ્ઞા લીધી હતી. સરકારની યોજનાના પ્રદર્શન સ્ટોલ દ્વારા નાગરિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જણકારીતેમજનવા લાભાર્થીઓની નોંધણી કરવામાં આવી હતી. રાજ્યમંત્રીશ્રીના હસ્તે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારીયોજનાઓના લાભોનું વિતરણ કરાયું હતું. લાભાર્થીઓ સાથે રાજ્યમંત્રીશ્રીએ સંવાદ સાધી યોજનાઓનો લાભ લેવા પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ યાત્રાના માધ્યમથી સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભો જનજન સુધી પહોંચાડવા સરકાર કટિબદ્ધ છે. યાત્રાના રથ થકી જરૂરિયાતમંદ લોકોને વિવિધ યોજનાકીય લાભોથી લાભાન્વિત કરાઈરહ્યા છે.

લોકોના જીવન બદલવાનું અને જીવન ધોરણસુધારવાનું કાર્ય એ વિકસિત ભારત યાત્રાનું લક્ષ્ય છે.

ઓલપાડ તાલુકામાં ૧૨ હજારથી વધુ ગંગાસ્વરૂપ મહિલાઓને માસિક રૂ.૧૨૫૦ની સહાય અપાવવાનુંસરાહનીય કાર્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબી રેખામાં જીવન જીવતા લોકોનીચિંતા કરીછે. ૧૮૦થી વધુ યોજનાઓ નાગરિકોમાટે અમલી બનાવી છેવાડાના ગામો સુધી યોજનાઓપહોચે એવાપ્રયત્ન હાથ ધરવામાં આવીરહ્યાં છે.

ઓલપાડ વિધાનસભામાં ૫ લાખથી વધુ લોકોએ સરકારની વિવિધ યોજનનો લાભ લીધો છે. જેમાં ઓલપાડ તાલુકાના કમરોલીગામમાં૧,૬૯૫લોકોએ કેન્દ્ર અને રાજ્યસરકારની વિવિધ યોજનનો લાભ લીધો છે. ઉપરાંત, કમરોલી ગામમાં ૮૦૫ આયુષમાન ભારતકાર્ડ, ૮૧ ગંગાસ્વરૂપા, ૩૨૯ કિસાનોને કિસાન સન્માન નિધિ, ૧૯ ઉજ્જ્વલ્લા યોજનાનોલાભ અપાયો છે, જે સરાહનીયછે. આ અવસરે તાલુકા પંચાયત પ્રમુખ નિતાબેન પટેલએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં આત્મ નિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનવવાના સપનાને સાકાર કરવા માટેસરકાર કટિબદ્ધ છે. છેવાડાના ગરીબ, મધ્યમ વર્ગના લોકોના હિત માટે સરકાર હરહંમેશાપ્રયત્નશીલ રહી છે. સરકારની યોજનાઓ આપણા માટે જ છે જેનો દરેક લોકોએ લાભ લેવો જોઈએ, તમામ લોકોને આસંકલ્પ રથવિશે માહિતી આપી સરકારની વિવિધ યોજનાનો લાભ અન્ય લોકોને અપાવવો જોઈએ એમ કહી વિકસિત ભારત સંકલ્પયાત્રામાંજોડાઈને લાભ લેવા માટે અપીલ કરી હતી આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત ઉપપ્રમુખ કિરણભાઈ પટેલ, તાલુકા વિકાસ અધિકારીશ્રી હાર્દિકભાઈ ગઢવી, તાલુકા પંચાયત કારોબારી ચેરમેનશ્રી જયેશભાઈ પટેલ, સામજિક ન્યાય સમિતિ ચેરમેનશ્રી હેમુભાઈ પાઠક, જિલ્લા પંચાયત સભ્યશ્રીકરિશ્માબેન રાઠોડ, તાલુકા સંગઠન પ્રમુખ બ્રિજેશભાઈ પટેલ, તાલુકા સંગઠન મહામંત્રીશ્રી કુલદીપભાઈ, જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ, તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, સરપંચશ્રી, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાંગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા

વાઇબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૪

નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં અમદાવાદ ખાતે 'રૂફટોપ ટોપ સોલર' વિષય પર બે દિવસીય નેશનલ કોન્ક્લેવનું આયોજન

આ નેશનલ કોન્ક્લેવ ૧૬ અને ૧૭ ડિસેમ્બરના રોજ અમદાવાદની હોટેલ હયાત રેજન્સી ખાતે યોજાશે

કમલમ્ ન્યુઝ,

રાજયના નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૪નાભાગરૂપે ૧૬અને ૧૭ ડિસેમ્બરના રોજ અમદાવાદ ખાતે 'રુફટોપટોપસોલર' વિષયપર બે દિવસીય નેશનલ કોન્ક્લેવનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદખાતેઆયોજિત આ બે દિવસીય 'નેશનલ કોન્ક્લેવમાં ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયાનામિનિસ્ટ્રી ઓફન્યુ એન્ડરેન્યુબલ એનર્જીના સેક્રેટરી શ્રી ભુપેન્દ્રસિંઘ ભલ્લા ઉપસ્થિત રહેશે. અમદાવાદ ખાતે ૧૬ ડિસેમ્બરના રોજ ૧૨.૩૦ કલાકે આયોજિત નેશનલ કોન્ક્લેવના ઉદ્ઘાટન સમારોહમાં ગુજરાત રાજ્યના એનર્જી અને પેટ્રોમેટિકલ ડિપાર્ટમેન્ટના પ્રિન્સિપલ સેક્રેટરી શ્રીમમતા વર્મા, ગુજરાત રાજ્યના જીયુવીએનએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જયપ્રકાશ શિવહરે તેમજ ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયાના મિનિસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રેન્યુબલ એનર્જીનાજોઈન સેક્રેટરીશ્રી દિનેશ જગડાલે પણ ઉપસ્થિત રહેશે.

સિદ્ધપુર તાલુકાના મામવાડા ગામે માં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉર્જાભેર સ્વાગત

સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાના લાભાર્થીઓને લાભો વિતરણ કરાયા

કમલમ્ ન્યુઝ,

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની પ્રેરણાથીશરૂ થયેલવિકસિતભારત સંકલ્પ યાત્રા સિદ્ધપુર તાલુકાના મામવાડા ગામે કાર્યક્રમમાં માન. કેબિનેટ મંત્રીબલવંતસિંહ રાજપુત સાહેબે હાજરી આપી અને ગ્રામજનો સાથે સંવાદ સાધ્યો. આ પ્રસંગે લાભાર્થીઓને સરકારની વિવિધકલ્યાણકારી યોજનાઓના લાભોનોવિતરણ કર્યું. આ યાત્રાને લઈને ગ્રામજનોનોઉત્સાહ જોઈને અત્યંત આનંદનીલાગણીથઈ. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ - ગીરીબેન ઠાકોર, તાલુકા ભાજપ પ્રમુખ શ્રી વિક્રમસિંહ ઠાકોર, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ ભાનુમતિબેન મકવાણા, શ્રી શંભુભાઈદેસાઇ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ શ્રી જસુભાઈ પટેલ, મનીષભાઈ પ્રજાપતિ, ઈશ્વરજી ઠાકોર, રાગિણીબેન પટેલ, સુરેશભાઈ ઠાકોર, દિલીપજી ઠાકોર, અભુજી ઠાકોર, કાનજીભાઈ ઠાકોર, સરપંચશ્રી - બળદેવભાઈ રાજપૂત, પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, મકવાણાજી - નાયબ જિલ્લા અધિકારી અને મોટી સંખ્યામાં ગ્રામજનો અને લાભાર્થીઓ જોડાયા હતા.

સુમુલ ડેરીના નવી પારડી એકમને ઉર્જા બચત માટે ભારતભરમાં ડેરી ક્ષેત્રે પ્રથમ ક્રમાંકે નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવાર્ડ - ૨૦૨૩ એનાયત કરાયો

કમલમ્ ન્યુઝ, મયુર પટેલ

સુરત અને તાપી જિલ્લાની જીવાદોરીસમાન સુમુલડેરી, સુરત (ગુજરાત)ના એકમ નવી પારડી ડેરીને ડેરી ક્ષેત્રમાં રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ – ૨૦૨૩માં "પ્રથમ પુરસ્કાર" એનાયત કરવામાં આવ્યો છે. તેમજ સુમુલડેરી, સુરત મેઈન પ્લાન્ટને ડેરી ક્ષેત્રે "સર્ટિફિકેટ ઓફ મેરિટ" એનાયત કરવામાંઆવ્યું છે. આ એવાર્ડ સુમુલ ડેરીના અધ્યક્ષ (શ્રી માનસિંહભાઈકે.પટેલ) અને મેનેજિંગ ડિરેક્ટર (શ્રી અરુણભાઈ એચ. પુરોહિત)ને ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુ દ્વારા ૧૪ ડિસેમ્બર, ૨૦૨૩ (રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ) ના રોજ વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે એનાયત કરવામાં આવ્યો છે. ભારતના ડેરી ઉદ્યોગમાં આ ઈતિહાસ હશે કે સુમુલ ડેરીએ ડેરી ક્ષેત્રમાંવર્ષ ૨૦૨૩માં ભારતભરમાંથી મળેલી કુલ ૩૨ અરજીઓ સામે એક જ વર્ષમાં બે એવોર્ડ મેળવ્યા છે. જેમાં સુમુલ ડેરીના નવી પારડી એકમે પ્રથમ ક્રમાંકમેળવેલ છે. ભારતસરકારના કેન્દ્રીય ઉર્જા મંત્રીશ્રીઆર.કે. સિંહ દ્વારા સુમુલડેરીના સુરત યુનિટને સર્ટિફિકેટ ઓફ મેરીટ એનાયત કરવામાંઆવેલછે. આ સર્ટિફિકેટ સુમુલ ડેરીના અધ્યક્ષ (શ્રી માનસિંહભાઈ કે.પટેલ) અને મેનેજિંગ ડિરેક્ટર (શ્રીઅરુણભાઈ એચ. પુરોહિત)અને સુમુલના અધિકારીશ્રી કમલેશભાઈ પટેલ અને જીગ્નેશભાઈ ગણાત્રા દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું. આ એવોર્ડ સુરત અને તાપી જીલ્લાના પશુપાલકોને અર્પણ કરતા શ્રી માનસિંહ પટેલે જણાવ્યું હતુંકે પશુ પાલકોએ સુમુલડેરીના વહીવટમાં મુકેલા વિશ્વાસનું આ પરિણામ છે. સુમુલ ડેરીનું નિયામક મંડળ અને અધિકારીઓહંમેશા પશુપાલકોના હિત માટે સતત કાર્યરત રહે છે. તેઓએ એક અપીલકરતા જણાવ્યું હતું કેભારતના યશસ્વી વડાપ્રધાન શ્રીનરેન્દ્ર મોદીસાહેબના નેતૃત્વમાં આવનારા વર્ષોમાં ભારત ઊર્જા સંરક્ષણ અને ક્લાયમેટ ચેન્જની દિશામાં વિશ્વ આખા માટે એક આદર્શ બનવાનું છે. ત્યારે અમૃત કાળના આયુગમાં ડેરીઉદ્યોગ અને દૂધ મંડળીઓપણ આ મહાયજ્ઞમાં યોગદાન આપેતેવી આશારાખું છું. અત્રેનોંધનીય છે કેસુમુલે ભારતની મુખ્ય સહકારી સંસ્થાઓની તુલનામાં ઊર્જા સંરક્ષણમાં ઉત્કૃષ્ટ ભૂમિકાભજવી છે.

આ એવોર્ડવિવિધ કંપનીઓ પાસે મંગાવેલ અરજીઓનું સ્થળ પર ઓડિટ કર્યા બાદ તેની કામગીરી નક્કીથતી હોયછે ત્યાર બાદ આ એવાર્ડ માટે પસંદગી કરવામાં આવતી હોય છે. આ એવાર્ડ સુમુલ ડેરી સાથે જોડાયેલ કર્મચારીઓ/અધિકારીઓની ઉત્કૃસ્ટ કામગીરી બદલ મોટી ભેટછે. આ એવાર્ડ માટે સુરત અને તાપી જિલ્લાના તમામ પશુપાલકો અભિનંદનના અધિકારીછે. છેલ્લા ૩ વર્ષ દરમ્યાન ઓટોમેશન અને ઉર્જાબચતના સક્રિયપ્રયાસોને પગલે આધુનિક સુધારા માટે આ એવાર્ડ આપવામાંઆવ્યો છે.

સુમુલ ડેરી દ્વારા છેલ્લા ૩ વર્ષમાં ઉર્જા બચતની ઉત્કૃષ્ટ કામગીરી કરી નેશનલ એનર્જી કન્ઝર્વેશનના ૩ રાષ્ટ્રીય પુરસ્કાર મેળવેલ છે અને સુમુલડેરી દ્વારા છેલ્લા ૧૬ વર્ષમાં ઉર્જાબચતના ૯ એવાર્ડ મેળવી ચૂકી છે જે સુમુલ ડેરીના વ્યવસ્થાપક મંડળ અને અધિકારીઓના કૌશલ્યનું પ્રમાણ પત્ર છે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028